# જિલ્લાશિક્ષણાધિકારીકચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

**Phone No: (0261) 2662902, Emailsuratdeo@gmail.com, Web – deosurat.org**


જા.નં. મા-૨/૧૫૪૭ તારીખ- ૨૦/૦૧/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી / સંચાલકશ્રી,

પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

જિલ્લો- સુરત

વિષય : આગામી સમયમાં ઘલુડી ખાતે સુરત પોલીસ દ્વારા આયોજિત જાગૃતિસભર પ્રદર્શન કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ઉપસ્થિત રાખવા અંગે રજીસ્ટ્રેશન કરાવવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સુરત પોલીસ વિભાગ દ્વારા પોલીસ મુખ્યમથક, ઘલુડી ખાતે વિદ્યાર્થીઓ માટે જાગૃતિસભર અને શૈક્ષણિક પ્રદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સુરક્ષા, શિસ્ત, દેશસેવા તથા પોલીસની કામગીરી અંગે જાગૃતિ વિકસાવવાનો છે.

ઉક્ત કાર્યક્રમ દરમિયાન સુરત પોલીસ દ્વારા નીચે મુજબના પ્રદર્શન / ડ્રિલ રજૂ કરવામાં આવશે :

**1. અશ્વદળ (Horse Squad) ના કરતબો**

(૧) ટેન્ટ પેગિંગ (૨) સ્ટેન્ડિંગ સેલ્યુટ (૩) અશ્વદળની શિસ્તબદ્ધ ડ્રિલ

**2. ડોગ સ્કવોડના વિવિધ પ્રદર્શન**

(૧) ચોરી કે ગુનાના સ્થળ પરથી ચોરને ટ્રેક કરવાની પ્રક્રિયા (૨)ગુનાખોરીની જગ્યાથી આરોપીને શોધી પકડવાની કામગીરી (૩) ડોગ સ્કવોડના વિવિધ કરતબો તથા સેલ્યુટ સાથેની ડ્રિલ

**3. BDDS (Bomb Detection and Disposal Squad) ટીમનું પ્રદર્શન**

(૧) બોમ્બ શોધવાની અને ડિફ્યુઝ કરવાની પ્રક્રિયાની માહિતી

(૨) BDDS ટીમના અગત્યના સાધનો અને તેમની કામગીરી અંગેની સમજ

**4. વેપન્સ નિદર્શન (હથિયારોનું પ્રદર્શન)**

(૧) સુરત પોલીસ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા વિવિધ પ્રકારના આધુનિક તથા પરંપરાગત હથિયારોનું પ્રદર્શન

(૨) હથિયારોના ઉપયોગનો હેતુ, સુરક્ષા નિયમો તથા જવાબદાર વપરાશ અંગે માહિતી

(૩) પોલીસ દળની તાકાત, તૈયારી અને સુરક્ષા વ્યવસ્થાની સમજ

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ઉપસ્થિત રાખવાથી તેમને વાસ્તવિક અનુભવ દ્વારા શિસ્ત, સુરક્ષા તથા પોલીસની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત થશે. આપની શાળા જો આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને લઈ જવા ઇચ્છુક હોય, તો આ સાથે આપેલ ગુગલ શીટ લિંક / ક્યુ.આર.કોડ મારફત શાળાનું રજીસ્ટ્રેશન કરવા જણાવવામાં આવે છે.

શાળાઓ દ્વારા ભરેલ માહિતીના આધારે ઉપરોક્ત કાર્યક્રમ માટે શાળાઓને વહેલા તે પહેલાના ધોરણે સ્લોટ ફાળવવામાં આવશે. જેની નોંધ લેશો.

**કાર્યક્રમનું સમયપત્રક :**

**તારીખ : ૨૮/૦૧/૨૦૨૬ (બુધવાર)**

**સમય : સવારે ૦૮:૦૦ કલાક**

**સ્થળ : રીઝર્વ પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી, પોલીસ મુખ્યમથક- ઘલુડી, મું.- ઘલુડી, તા.- કામરેજ, જિ.- સુરત**

**શાળાનું રજીસ્ટ્રેશન કરવા માટેનો QR CODE** **કાર્યક્રમ સ્થળનું લોકેશન**

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ.-સુરત